## ઓનલાઇન ભરતી અંગે સામાન્ય સૂચનો:-

(૧) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા ભારતીય નાગરિકત્વ ધરાવતી હોવી જોઇએ.

(૨) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા ઉમેદવાર સંબંધીત, મામલતદારશ્રી દ્વારા આપવાના થતા નિયત નમુનાનું રહેવાસી પ્રમાણપત્રની તારીખે,ઓછામાં ઓછી એક વર્ષથી સ્થાનિક રહેવાસી હોવા જોઇએ. ગ્રામીણ વિસ્તારના સંદર્ભમાં આંગણવાડી જે મહેસુલી ગામમાં સ્થાપન થયેલી હશે તે મહેસુલી ગામની અથવા શહેરી વિસ્તારના ઉમેદવારના સંદર્ભમાં સંબંધીત નગરપાલિકા /મહાનગરપાલિકાના ચૂંટણી વોર્ડની ઓછામાં ઓછી એક વર્ષની સ્થાનિક નિવાસી હોવી જોઈએ. આ માપદંડ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગે નક્કી કરેલ નમુનાનું, જન સેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવતું આ કામ માટેનું સંબંધીત મામલતદારશ્રી ની કચેરીનું જ પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે.

(3) આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને 33 વર્ષથી વધુ ન હોવી જોઇએ.

(૪) આંગણવાડી કાર્યકર માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨, પાસ અથવા ધોરણ ૧૦, પાસ અને એઆઇસીટીઈ (AICTE) માન્યતા પ્રાપ્ત કોઇપણ ઓછામાં ઓછો ૨ વર્ષનો ડીપ્લોમા કોર્સ પાસ કરેલ હોવો જોઇએ.

(૫) આંગણવાડી તેડાગર માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ કરેલ હોવા જોઇએ.

(૬) અરજદાર અનામત વર્ગમાં આવતા હોય, તો તે બાબતનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૭) અરજદાર વિધવા હોય તો તે બાબતનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૮) અરજદારે ઓનલાઇન અરજીમાં જણાવેલ તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અપલોડ કરવાના તેમજ રજુ કરવાના રહેશે.

(૯) અરજી કરવાની છેલ્લી તારીખ કટ-ઓફ ડેટની તારીખ ગણવામાં આવશે. જેથી, અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારે ઉંમર માટેના, શૈક્ષણિક લાયકાત માટેના અને અન્ય લાયકાત માટેના માપદંડ પૂર્ણ કરતા હોવા જોઈએ.

(૧૦) અરજદારે રજુ કરવામાં આવેલ માહિતી અને પ્રમાણપત્રો સાચા છે તે બાબત રૂ.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર મામલતદાર/નાયબ કલેક્ટર/અધિક કલેક્ટર/કલેક્ટર અથવા

નોટરીના સહી-સિક્કાથી પ્રમાણિત કરેલ આ સાથેનાં નમુનાનું સોગંદનામું અરજદારે રજુ કરવાનું રહેશે.

(૧૧) અરજદાર ગુનાહિત ઇતિહાસ ધરાવતો હોય,અને અરજદાર સામે પોલિસ ફરિયાદ થયેલ હોય, નામદાર કોર્ટ દ્વારા સજા જાહેર કરેલ હોય. તેવી વ્યકિત અરજી કરી શકાશે નહી.

(૧૨) અરજદારને સક્ષમ સતાધિકારી દ્વારા નાદાર જાહેર કરવામાં આવેલ હોય તેવી વ્યકિત અરજી કરી શકાશે નહી.

(૧૩) દંડનીય કાર્યવાહીના ભાગરૂપે અરજદારને અગાઉની કોઈપણ સરકારી/અર્ધ સરકારી/માનદ સેવામાંથી ફરજમોકુફ કરવામાં આવેલ હોય તેમજ દુર કરવામાં આવેલ હોય તેવી વ્યકિત અરજી કરી શકાશે નહી.

(૧૪) એક જ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર/તેડાગર એક જ કુટુંબના સભ્ય (સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, બે બહેનો, નણંદ-ભાભી વગેરે) થશે તેવી પરિસ્થિતિ બનતી હોય તેવી વ્યકિત અરજી કરી શકશે નહી.

(૧૫) અરજદાર કોઇપણ સ્થાનિક સ્વરાજ સંસ્થા/વિધાનસભા/લોકસભા અથવા કોઈપણ સહકારી સંસ્થા/રજિસ્ટર્ડ સોસાયટી/ રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચુંટાયેલ પદ ધરાવતા હોય તેવી વ્યકિત અરજી કરી શકશે નહી.

(૧૬) આંગણવાડીના હાલના તેડાગરને આંગણવાડી કાર્યકર પસંદગી પ્રક્રિયામાં તા.૨૫/૧૧/૨૦૧૯ના સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક નં.આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ(પાર્ટ-૨)ના નિયમોમાં દર્શાવેલ ૬.૧ થી ૬.૬ મુજબ અગ્રતા આપવામાં આવશે.

(૧૭) જે કિસ્સામાં માર્કસશીટમાં ગ્રેડ/સ્કોર દર્શાવેલ હોય તે કિસ્સામાં યુનિવર્સિટી/કોલેજ દ્વ જારી કરવામાં આવેલ ગ્રેડ/સ્કોરમાંથી ગુણની ગણતરી અથવા યુનિવર્સિટી/કોલેજ પાસેથી જ એ ગણતરી થયેલ માર્ક્સનું પ્રમાણપત્ર/માર્ક્સશીટ ફરજિયાત અપલોડ કરવાનું રહેશે

(૧૮) અરજીફોર્મમા ભરેલ માહિતી અને અપલોડ કરેલા દસ્તાવેજોની વિગતો અલગ હશે તો અરજદારની ઉમેદવારી રદ્દ ગણાશે. અપલોડ કરેલ દસ્તાવેજો બરાબર વાંચી શકાય તે પ્રકારના હોવા જોઇએ.

(૧૯) જે કિસ્સાઓમાં અરજદારે એક કરતા વધારે પ્રયત્ન કરી પરીક્ષા પાસ કરેલ હશે તો તેવા કિસ્સાઓમાં અરજદારએ દરેક પ્રયત્નની માર્કશીટ સ્કેન કરી અપલોડ કરવાની રહેશે. એકથી વધુ પ્રયત્ને પાસ થનાર ઉમેદવારે જે તે માર્કશીટનાં પાસ થયેલા વિષય/વિષયોનાં ગુણ જ ગણવાનાં રહેશે. નાપાસ થયેલ વિષય/વિષયોનાં ગુણ બાદ કરીને કુલ ગુણ ગણવાના રહેશે. ત્યારબાદ ફરીથી પાસ થયેલ વિષય/વિષયોનાં ગુણ ગણવા. આમ, કુલ

૭ વિષયનાં કુલગુણ ૭૦૦ હોય તો જુદી-જુદી માર્કશીટ પૈકી ૭૦૦ માંથી પાસ થયેલ વિષયોના ગુણ જ ગણવા.

દા.ત. કુલ-ગુણ ૭૦૦ માંથી ૩૨૫ મેળવેલ ગુણ હોય જેમાં એક વિષયમાં ૨૫ ગુણ સાથે નાપાસ હોય તો મેળવેલ ગુણ ૩૦૦ ગણવાનાં રહેશે. ત્યારબાદ તે વિષયમાં ૫૦ ગુણ હોય તો કુલ ગુણ ૭૦૦ માંથી મેળવેલ ગુણ ૩૫૦ થશે.

ઉપરોક્ત સૂચનાઓનું અરજદારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ફરજીયાત પાલન કરવાનું રહેશે. આમાંથી કોઈપણ લાયકાત/શરતો પૂર્ણ ના થવાથી અરજદારની ઉમેદવારી રદ થવાને પાત્ર ગણાશે

અરજી સંબંધીત કોઇ પણ પ્રશ્ન માટે નીચે મુજબનાં જિલ્લા મુજબ ફોન પર માહીતી મેળવી શકાશે. (કચેરી કાર્યનાં દિવસો દરમ્યાન ૧૬:૦૦ થી ૧૮:૦૦ કલાક સુધી)

| અનુ.નં | જિલ્લાનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦૭૯-૨૫૫૧૦૫૨૨ |
| ૨ | અમરેલી | ૦૨૭૯૨-૨૩૧૩૨૬ |
| ૩ | બનાસકાંઠા | ૦૨૭૪૨-૨૫૩૫૪૯ |
| ૪ | વડોદરા | ૦૨૬૫-૨૪૨૯૩૩૩ |
| ૫ | છોટા ઉદેપુર | ૦૨૬૬-૯૨૯૬૨૩૧ |
| ૬ | ભરૂચ | ૦૨૬૪૨-૨૬૮૪૫૨ |
| ૭ | નર્મદા | ૦૨૬૪૦-૨૨૨૦૧૯ |
| ૮ | ભાવનગર | ૦૨૭૮-૨૫૧૯૪૧૧ |
| ૯ | બોટાદ | ૦૨૮૪૯-૨૭૧૩૮૮ |
| ૧૦ | ડાંગ-આહવા | ૦૨૬૩૧-૨૨૨૩૧૮ |
| ૧૧ | જામનગર | ૦૨૮૮-૨૬૬૧૨૭૨ |
| ૧૨ | દેવભૂમિ-દ્વારકા | ૦૨૮૩૩-૨૩૪૨૨૩ |
| ૧૩ | જુનાગઢ | ૦૨૮૫-૨૬૩૧૪૩૪ |
| ૧૪ | ગીર-સોમનાથ | ૦૨૮૭૬-૨૪૯૨૦૦ |
| ૧૫ | પોરબંદર | ૦૨૮૬-૨૨૪૭૮૦૦ |
| ૧૬ | પંચમહાલ | ૦૨૬૭૨-૨૫૩૩૭૨ |
| ૧૭ | દાહોદ | ૦૩૬૭૩-૨૩૯૧૭૯ |

| | | |
|---|---|---|
| ૧૮ | કચ્છ-ભૂજ | ૦૨૮૩૨-૨૨૧૯૦૪ |
| ૧૯ | મહેસાણા | ૦૨૭૬૨-૨૨૨૩૩૧ |
| ૨૦ | પાટણ | ૦૨૭૬૬-૨૨૫૮૧૬ |
| ૨૧ | રાજકોટ | ૦૨૮૧-૨૪૪૭૭૭૫ |
| ૨૨ | મોરબી | ૦૨૮૨૨-૨૨૨૭૧૬ |
| ૨૩ | સાબરકાંઠા | ૦૨૭૭૨-૨૪૦૯૧૯ |
| ૨૪ | અરવલ્લી | ૦૨૭૭૪-૨૫૦૦૨૬ |
| ૨૫ | સુરત | ૦૨૬૧-૨૪૨૫૭૫૧ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૦૨૭૫૨-૨૮૩૭૧૭ |
| ૨૭ | ગાંધીનગર | ૦૭૯૨૩૨-૫૬૯૬૨ |
| ૨૮ | ખેડા | ૦૨૬૮-૨૫૩૨૩૫૪ |
| ૨૯ | મહિસાગર | ૦૨૬૭૪-૨૫૨૯૯૫ |
| ૩૦ | આણંદ | ૦૨૬૯૨-૨૫૮૧૩૭ |
| ૩૧ | વલસાડ | ૦૨૬૩૨-૨૪૨૭૭૩ |
| ૩૨ | નવસારી | ૦૨૬૩૭-૨૩૧૯૯૦ |
| ૩૩ | તાપી | ૦૨૬૨૬-૨૨૪૫૭૭ |
| ૩૪ | સુરત કોર્પોરેશન | ૦૨૬૧-૨૪૫૧૯૩૫ |
| ૩૫ | વડોદરા કોર્પોરેશન | ૦૨૬૫-૨૪૨૮૧૭૮ |
| ૩૬ | અમદાવાદ કોર્પોરેશન | ૦૭૯-૨૫૩૫૨૯૬ |
| ૩૭ | જામનગર કોર્પોરેશન | ૦૨૮૮-૨૫૫૦૭૮૭ |
| ૩૮ | રાજકોટ કોર્પોરેશન | ૦૨૮૧-૨૨૨૧૬૨૭ |
| ૩૯ | ભાવનગર કોર્પોરેશન | ૦૨૭૮-૪૨૧૧૧૧ |
| ૪૦ | જુનાગઢ કોર્પોરેશન | - |

અત્રે જણાવેલ વિગતો અને સુચનાઓ અરજદારની સામાન્ય સમજ તથા માર્ગદર્શન માટે છે, આ અંગેનુ આખરી અર્થઘટન આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી પ્રકિયા સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ **ક્રમાંક નં.આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ (પાર્ટ-૨) તા.૨૫/૧૧/૨૦૧૯** આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમોને આધીન રહેશે.